...ત

...ક:– હિ.૨/નિભાવ અનુદાન/ કન્યાઓની ફી/પ્રથમ–બીજુસત્ર/૨૦૧૮–૧૯/ ૭૧૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખ:–૧૫/૦૩/૨૦૧૯

વંચાણે લીધો :– ૧. સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્ય.), નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગરના પત્રક્રમાંક: ધ/માધ્ય/મા.૧/ગ્રાન્ટ/નિ.ગ્રા.–ફી વિકલ્પ/૨૦૧૮/ ૧૪૪૯૧–૧૨૪, તા.૭/૭/૨૦૧૮

૨. કમિ.શ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક:ન/કમભોયોશા/ માધ્ય/નિભાવગ્રાન્ટ/વશી/૨૦૦૩–૦૪/૨૭૦૩–૨૭૨૮, તા.૨/૭/૨૦૦૩

૩. નોંધ ઉપર થયેલ નિર્ણય.

**કચેરી આદેશ**

**વંચાણે લીધા ક્રમ–૧** થી સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક), નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગરના તા.૭/૭/૨૦૧૮ ના આદેશથી આ કચેરીને હવાલે **રૂ.૧૨,૦૬,૦૦૦/–(અંકે રૂપિયા બાર લાખ છ હજાર)** પુરા નિભાવ અનુદાન ફાળવવામાં આવેલ છે.

**વંચાણે લીધા ક્રમ–૨** થી નિભાવ ગ્રાન્ટની રકમનું ચુકવણું ચેકથી કરવા અપાયેલ સુચના અનુસાર પ્રથમસત્રની ફીના ગ્રાન્ટના ચેકો શાળા / સંચાલક મંડળને ચુકવી આપવા જણાવેલ છે.

**વંચાણે લીધા ક્રમ–૪** થી નોંધ ઉપર થયેલ નિર્ણય મુજબ આ સાથે સામેલ રાખેલ **આદિજાતિ** વિસ્તારની શાળાઓને નિભાવ અનુદાન લેતી ફી વિકલ્પવાળી શાળાઓને **સત્ર** પેટે નિભાવગ્રાન્ટ કુલ **રૂ.૧૨,૦૬,૦૦૦/– (અંકે રૂપિયા બાર લાખ છ હજાર)** પુરા મંજુર કરવામાં આવેલ તે પૈકી નિભાવગ્રાન્ટ લેતી ક્રમનં. ૧ થી ૧૮ વાળી શાળાઓને **રૂ.૧,૬૦,૬૧૦/–** (અંકે રૂપિયા એક લાખ સાઈઠ હજાર છસ્સો દસ) પુરા નીચેની શરતોને આધિન ચેકથી ફાળવવા આથી આદેશ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) આ યોજના જુન–૨૦૧૮ થી શરુ થનાર શૈક્ષણિક સત્રથી લાગુ પડશે.

(૨) આ યોજનાનો લાભ રાજય સરકારે રાજયના સહાયક અનુદાન(ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯ થી ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ(કન્યાઓ)ને મળશે.

(૩) રાજય સરકાર રાજયના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯ થી ૧૨ માં અભ્યાસ કરતી કોઈપણ વિદ્યાર્થીની (કન્યાઓ) પાસેથી કોઈપણ પ્રકારની ફી લઈ શકશે નહી.

(૪) અત્રેના જિલ્લાની શાળાઓમાં ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ(કન્યાઓ) ની સંખ્યા પ્રથમ શૈક્ષણિક સત્ર માટે તા.૩૦ સપ્ટેમ્બરની સ્થિતિએ તા.૧૫ મી ઓકટોબર સુધીમાં અને બીજા સત્ર માટે તા.૩૧ ઓકટોબરની સ્થિતિએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, પાલનપુર ખાતે મોકલી આપવાની રહેશે અને આ સંખ્યાના આધારે પ્રથમ અને બીજા સત્રના અંતે ફીની ગણતરી કરી શાળાની ફીની રકમ ભરપાઈ કરી આપવામાં આવશે.

જો કે બીજા સત્રના અંતે ચુકવણી કરતા સમયે વિદ્યાર્થીનીઓ(કન્યાઓ) ની દરેક માસની સરેરાશ સંખ્યાને ધ્યાને લઈને ચુકવણી કરવાની રહેશે. આ બાબતે જો પ્રથમ સત્રમાં માસંવાર સરેરાશ સંખ્યા કરતા વધારે કે ઓછી રકમની ચુકવણી થઈ હશે તો બીજા સત્રના અંતે આ હિસાબ સરભર કરી તફાવતની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૫) માત્ર નિભાવગ્રાન્ટ લેતી શાળાઓને વિદ્યાર્થીનીઓ(કન્યાઓ) ની ફીની રકમ સરભર કરી ગ્રાન્ટ સ્વરુપે આપવામાં આવશે જયારે ફી વિકલ્પવાળી શાળાઓને ગ્રાન્ટ સ્વરુપે ભરપાઈ કરી આપવામાં આવશે.

(૬) ફીની રકમ સરભર કરવા કે ફીની રકમ ભરપાઈ કરી આપવા સિવાય અન્ય કોઈ હેતુસર આ જોગવાઈ હેઠળ ફાળવવામાં આવેલ રકમનો ખર્ચ કરી શકાશે નહી.

(૭) રાજયના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯ થી ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) માટે વિદ્યાર્થીની દીઠ જે ફી નકકી કરે તે પ્રવર્તમાન દરની મર્યાદામાં જ વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) ની ફી જ સંસ્થાઓને મજરે આપવાની રહેશે.

તેમ છતાં કોઈ સંસ્થા સરકાર ધ્વારા નિયત થયેલ દર કરતાં કન્યા માટે ઓછી ફી વસુલતી હોય તો ખરેખર વસુલવામાં આવતી ફી મુજબ મજરે આપવાની રહેશે.

(૮) રાજય સરકાર રાજયના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) પાસેથી કોઈપણ પ્રકારની ફી કોઈપણ સ્વરૂપે લેવાના સંજોગોમાં તે શાળાની ગ્રાન્ટ કાપી લઈ શાળાની નોધણી રદ કરવા/ શાળાનો વહીવટ સરકાર હસ્તક લેવા સુધીના પગલાં લેવામાં આવશે.

આ અંગેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષમાં નીચે જણાવેલ બજેટ સદરે પાડવાનો રહેશે.

<u>ઈડીએન–૧૮</u>

<u>માંગણીનં.૯૬</u> (આયોજન)

મુખ્ય સદર : ૨૨૦૨ – સામાન્ય શિક્ષણ – ૦૨ – માધ્યમિક શિક્ષણ – ૭૯૬ – આદિજાતિ વિસ્તાર પેટા યોજના, ૦૨–બિન સરકારી માધ્યમિક શાળાઓનો વિનિયમિત વિકાસ

**(૨૨૦૨–૦૨–૭૯૬–૦૨)**

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
કોડ નંબર-૩૫

પ્રતિ,
સબંધીત શાળાના આચાર્યશ્રીઓ તરફ.

નકલ સવિનય રવાના :–
૧: જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર
૨: એડી.એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ–૩, એનેક્ષી ગ્રુપ, રાજકોટ
૩: કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગર

# વિદ્યાર્થીનીઓની માહિતી દર્શાવતું પત્રક (આદિજાતિ)

| ક્રમ | શાળાનું નામ | વિદ્યાર્થીનીઓ (કન્યાઓ)ની સંખ્યા | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધોરણ -૯ | ફીની રકમ રૂ. | કુલ | ધોરણ -૧૦ | ફીની રકમ રૂ. | કુલ | ધોરણ-૧૧ (સા.પ્ર) | ફીની રકમ રૂ. | કુલ | ધોરણ-૧૨ (સા.પ્ર) | ફીની રકમ રૂ. | કુલ | ધો.૧૧ (વિ.પ્ર) | ફીની રકમ રૂ. | કુલ | ધો.૧૨ (વિ.પ્ર) | ફીની રકમ રૂ. | કુલ | શા... ચુકવવાપાત્ર રકમ |
| 1 | આદિવાસી વિદ્યાલય, ઈકબાલગઢ | 23 | 37.50 | 862.50 | 14 | 25 | 350.00 | 8 | 90 | 720.00 | 10 | 80 | 800.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 2732.50 |
| 2 | લોકનિકેતન વિનયમંદિર, વિરમપુર | 24 | 37.50 | 900.00 | 16 | 25 | 400.00 | 20 | 90 | 1800.00 | 6 | 80 | 480.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 3580.00 |
| 3 | શિવમ વિદ્યાલય, સરોત્રારોડ | 25 | 37.50 | 937.50 | 16 | 25 | 400.00 | 9 | 90 | 810.00 | 10 | 80 | 800.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 2947.50 |
| 4 | સૂર્યાબા ભામદિરા માધ્યમિક શાળા, આવલ | 34 | 37.50 | 1275.00 | 17 | 25 | 425.00 | 17 | 90 | 1530.00 | 11 | 80 | 880.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 4110.00 |
| 5 | આર.આર.વિદ્યાલય, અમીરગઢ | 24 | 37.50 | 900.00 | 16 | 25 | 400.00 | 19 | 90 | 1710.00 | 17 | 80 | 1360.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 4370.00 |
| 6 | રાજમણી વિદ્યાલય, સણાલી | 111 | 37.50 | 4162.50 | 105 | 25 | 2625.00 | 50 | 90 | 4500.00 | 53 | 80 | 4240.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 15527.50 |
| 7 | સરભવાનસિંહ વિદ્યાલય, દાંતા | 92 | 37.50 | 3450.00 | 80 | 25 | 2000.00 | 57 | 90 | 5130.00 | 65 | 80 | 5200.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 15780.00 |
| 8 | સ્વામિ એ.પી.ઉચ્ચ.માધ્ય.શાળા, હડાદ | 31 | 37.50 | 1162.50 | 38 | 25 | 950.00 | 32 | 90 | 2880.00 | 35 | 80 | 2800.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 7792.50 |
| 9 | બી.ડી.આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી | 186 | 37.50 | 6975.00 | 121 | 25 | 3025.00 | 60 | 90 | 5400.00 | 59 | 80 | 4720.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 20120.00 |
| 10 | રિહેન એચ.મહેતા વિદ્યાલય, માંકડી | 48 | 37.50 | 1800.00 | 54 | 25 | 1350.00 | 16 | 90 | 1440.00 | 30 | 80 | 2400.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 6990.00 |
| 11 | ડી.ડી.ચોકસી વિદ્યાલય, નવાવાસ | 96 | 37.50 | 3600.00 | 60 | 25 | 1500.00 | 27 | 90 | 2430.00 | 48 | 80 | 3840.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 11370.00 |
| 12 | સત્યમ વિદ્યાલય, સોલસંડા | 63 | 37.50 | 2362.50 | 42 | 25 | 1050.00 | 23 | 90 | 2070.00 | 14 | 80 | 1120.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 6602.50 |
| 13 | પરિમલ વિદ્યાલય, પુંજપુર | 58 | 37.50 | 2175.00 | 39 | 25 | 975.00 | 20 | 90 | 1800.00 | 20 | 80 | 1600.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 6550.00 |
| 14 | બી.કે.ભણસાલી ઉ.બુ.વિદ્યા. દલપુરા | 46 | 37.50 | 1725.00 | 34 | 25 | 850.00 | 14 | 90 | 1260.00 | 9 | 80 | 720.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 4555.00 |
| 15 | ભારત વિદ્યાલય, ભચડીયા | 52 | 37.50 | 1950.00 | 24 | 25 | 600.00 | 25 | 90 | 2250.00 | 12 | 80 | 960.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 5760.00 |
| 16 | સર.વિનયમંદિર, પીપળાવાળીવાવ | 45 | 37.50 | 1687.50 | 28 | 25 | 700.00 | 20 | 90 | 1800.00 | 13 | 80 | 1040.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 5227.50 |
| 17 | જે.ડી.એસ.વિદ્યાલય, મોટાસડા | 55 | 37.50 | 2062.50 | 47 | 25 | 1175.00 | 47 | 90 | 4230.00 | 30 | 80 | 2400.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 9867.50 |
| 18 | અરવલ્લી કન્યા વિદ્યાલય, હડાદ | 183 | 37.50 | 6862.50 | 173 | 25 | 4325.00 | 106 | 90 | 9540.00 | 75 | 80 | 6000.00 | 0 | 115 | 0.00 | 0 | 105 | 0.00 | 26727.50 |
| | **કુલ સરવાળો** | **1196** | 37.50 | **44850.00** | **924** | 25 | **23100.00** | **570** | 90 | **51300.00** | **517** | 80 | **41360.00** | **0** | 115 | **0.00** | **0** | 105 | **0.00** | **160610.00** |

અંકે રૂપિયા એક લાખ સાઈઠ હજાર છસ્સો દસ પુરા...

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
કોડ નં[illegible]-૩૫